ચાવના ભયાનકો મુક્ત કરાવ વિક્રમસીના વીરત્વને ઝિલ્યાનચામાં ઝાલ્યું છે. આ બધાં કાવ્યોમાં છંદ તે ભાતોમાં ચારણી છટા જોઈ શકાય છે. કવિએ કેવર-લવલારોનાં જીવદયાનાં કાર્યોનો ગુણાનુવાદ કરતાં તથા ખંભાતના બાબરૂલી વિદ્યાનો કાલે શ્રમ ઊંચાના ઉલ્લેખોનાં મળે છે.

કવિની શાસ્ત્રીય કૃતિઓમાં શ્રેણિક અને અભયકુમારના બુદ્ધિ ચાતુર્યની કથા પ્રાસાદિક રીતે કહી તે ક્યાંક વર્ણન, સુભાષિત વગેરેમાં કવિની શક્તિ પ્રગટ કરી, મુખ્યત્વે વસ્તુ, દુહા અને ચોપાઈની ૩૬૮ કડીની 'શ્રેણિકઅભયકુમાર-ચરિત્ર-અભયકુમાર શ્રેણિક-રાસ/પ્રબંધ/ચોપાઈ' (મુ.), એ ૮૪ ઢાલોએ રચાયેલી ૧૮૧ કડીની 'જંબૂસ્વામી પંચભવ ચરિત્ર/ચોપાઈ/પ્રબંધ' (ર. ઈ. ૧૪૬૬/સં. ૧૫૨૨, આસો સુદ ૧૫; મુ.), આશરે ૩૧૦ કડીની 'શ્રાવક-ચારિત્રસમકત્વમારણાદિ કુલક-ચોપાઈ' (ર. ઈ. ૧૪૩૮/સં. ૧૫૩૪, આસો સુદ ૧૫), આશરે ૧૮૦ કડીનો 'અવધૂઅવધૂત-રાસ/સલોકો', ૨૩૩ કડીની 'સોહિણીકુમ-પ્રબંધ', મનોભાવનિરૂપણ અને કટાક્ષ-ઠપકાયોગમૂલક ભાષાપ્રયોગોથી ભાન ગયેલી ૧૦૮ કડીની 'સોહન બાલાભરિત્ર-ચોપાઈ/રાસ' (મુ.) અને 'ગજસુકુમાર-ચોપાઈ' (ર. ઈ. ૧૪૬૬)નો સમાવેશ થાય છે. સંભવતઃ ૭ અધિકારની 'પુણ્યપાપ ફલ તથા જીવદયા-ચોપાઈ' પણ શાસ્ત્રાધાર કૃતિ ગણી શકાય છે.

૪૧ કડીની 'પાર્શ્વનાથજુગાદિદેવ-રાસ' અને ૧૮ કડીની 'શત્રુંજય-ચૈત્યપરિપાટી' (મુ.) એ તીર્થવંદનની કૃતિઓ, ૩૬ કડીની 'સ્થૂલિભદ્ર-કક્કાવળી', દીક્ષિત થયા પછી કોશને પુનર્જન્મ પામેલ પૂર્વ પત્નીની સાથે લગ્ન કરવા પડ્યાં તે સ્થૂલિભદ્રકુમારને ત્યાં પુત્રજન્મ થાય છે અને તે પુત્ર નિશાળે જાય છે ત્યાં સુધીનું વર્ણન કરતી ૨૭ કડીની 'સ્થૂલિભદ્રકુમાર-પવલ/વિચારણી' (મુ.), 'સ્થૂલિભદ્રકુમાર ચૂડ', ૧૯ કડીની 'ચાવચ્ચાકુમાર-સઝાય/ગીત /રાસ' (મુ.), ૧૧૫ કડીની 'કલાવન્નાર-વિચારણી' (મુ.) તથા 'સ્નાત્ર-પૂજા' (મુ.) કવિનાં અન્ય ઉલ્લેખનીય કૃતિઓ છે. એ ઉપરાંત કવિએ ૧૨ કડીનો 'નવકારમહામંત્ર-પ્રબંધ' (મુ.), ૧૦ કડીની 'સ્થૂલિભદ્ર-છાહણી' વગેરે સ્તવન, ભાસ, ગીત જેવા પ્રકારોનાં તીર્થ-તીર્થંકરાદિ-વિષયક તેમ જ બોધાત્મક કૃતિઓ (કેટલીક મુ.) તથા સજ્ઝાયો રચેલી છે.

કવિનાં કૃતિઓનો ગેયતા સાથે સંગીતલક્ષણનું સૂચન કરે છે.

કૃતિઓ : ૫ ડિક્ટેલોગબાર્ટ : ૧૯૯(૨)–૧ ગીત; ૨. નરસ્વાધ્યાય : ૩; ૩. પ્રાચીનસંગ્રહ; ૪. વિસ્તારપૂજાસંગ્રહ; ૫. સજ્ઝાય સંગ્રહ : ૧, સં. ભગવાનદાસ, સં. ૧૯૩૮; [] ૬. જૈનયુગ, પોષ ૧૯૯૩–'શત્રુંજયની કોક ઐતિહાસિક જીના-વિક્રમસી ભાવસાર સૂપદિ', સં. મોહનલાલ દ. દેસાઈ; ૭. જૈનયુગ, વૈશાખ-જેઠ ૧૯૯૬, 'સમયસારચર્ચાનો કડવો', સં. મોહનલાલ દ. દેસાઈ (+સં.); ૮. સ્વાધ્યાય, ઑક્ટોબર ૧૯૬૫ 'દેવાનંદકૃત જંબૂસ્વામિપંચભવભરિત્ર' સં. ઉમાકાન્ત પ્રે. શાહ, ચોમાસાદિ મુ. પારેખ (+સં.); ૯. સ્વાધ્યાય, ઑગસ્ટ ૧૯૭૩- 'કવિ દેપાલકૃત શ્રેણિક અભયકુમાર ચરિત', સં. ચાંદચંદ બ. ગાંધી; ૧૦. સ્વાધ્યાય, એપ્રિલ ૧૯૭૪- 'કવિ દેપાલકૃત જીનપાલ રાસ', સં. ગુલાબચંદ નાગડા, અંબાલાલ નાગડા (+સં.); ૧૧. સ્વાધ્યાય, એપ્રિલ ૧૯૭૭-'કવિ દેપાલકૃત ચંદનબાળા ચરિત્ર', સં. ત્રિભોવન પોરા (+સં.).

સંદર્ભ : ૧. જૈનસંગ્રહ : ૧; ૨. નવકવિઓ; ૩. પ્રાકારપરંપરા; [] ૪. જૈનયુગ, વૈશાખ ૧૯૮૨-'શ્રી પ્રભુજયતીર્થનો ઉદ્ધાર સમરસિંહ', લાલચંદ ભ. ગાંધી; [] ૫. જૈનપુસ્તિકાઓ : ૧, ૩(૧,૨); ૬. જૈનગૂર્જરકવિઓ : ૧; ૭. મુપુગૂહસૂચી; ૮. હેમચંદ્રાસૂચિ : ૧. [શ્રત્રિ.]

દેમણ [ ] : ગોમને નામે ૧૬ ચોપાઈઓ મળે છે.

સંદર્ભ : ૧. ગૂહસ્યાદી; ૨. ગ્રંથનામાવલિ. [કી.જો.]

દેવજાદુ [ ] : જૈન શ્રાવક ગોત્ર સંભવ. વઢવાણ અને ચોપાઈનાં ૧૬ ગુરુઓ સાથે આશરે બંનેનાં ૨ ગોપાઈ મળીને કુલ ૩૪ કડીના અને અગ્રાંશપ્રધાન ગુજરાતી ભાષામાં રચાયેલા 'ગજસુકુમાલ-રાસ' (લે. સં. ૧૪મી સદી અનુ; મુ.)ના કર્તા. કૃતિ દેવેન્દ્રસૂરિના જ્ઞાનથી રચાયેલી છે તે જ્ઞાનતરંગસૂરિ શિષ્ય દેવેન્દ્રસૂરિ (અવ. ઈ. ૧૨૩૧) હોય તો કર્તા ઈ. ૧૨મી સદી ઉત્તરાર્ધમાં હયાત હશે.

કૃતિ : ૧. પ્રાચીનકાવ્યસંગ્રહ [ ]; ૨. રાજસ્થાન-ભારતી, જુલાઈ ૧૯૫૬-'જયસુકુમાલ રાસ' સં. અગરચંદ નાહટા.

સંદર્ભ : મરાસાહિત્ય. [કી.જો.]

દેવ : આ નામથી 'આદમદની સઝાય', ૧૫ કડીનો 'અલુપિસાહિજિન-સ્તવન', ૮ કડીનો 'સહજેમિશાહિજમની-ગીત' તથા 'સુપાસજિન-સ્તવન' એ કૃતિઓ મળે છે. કયા દેવ છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : ૧. દેસુરસમાળા; ૨. મુપુગૂહસૂચી; ૩. રાહસૂચી : ૧. [ચ.ર.દ.]

દેવકલશ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. વાચકલયના શિષ્ય. ઉપાધ્યાય સાધુકીર્તિ (અવ. ઈ. ૧૫૮૮)ની પ્રશસ્તિ કરતી ૪ કડીનો ગહુંલી (લે. ઈ. ૧૫૮૮; મુ.)ના કર્તા.

કૃતિ : ગોજેકારસંગ્રહ (+સં.). [કી. જો.]

દેવકલશ [ઈ. ૧૫૫૩માં હયાત] : ઉપકેશગચ્છના જૈન સાધુ. વાચક દેવકુમારની પરંપરામાં ઉપાધ્યાય દેવકલોલના શિષ્ય. ૩૦૧ કડીનો 'ક્ષિતિપ્રતિષ્ઠા-ચોપાઈ' (ર. ઈ. ૧૫૧૩)ના કર્તા.

સંદર્ભ : ૧. આલિસકાર્ટો : ૨; ૨. જૈનકવિઓ : ૧, ૩(૫); ૩. મુપુગૂહસૂચી. [કી.જો.]

'દેવકીજીના છ પુત્રોનો રાસ' : અજ્ઞાત જૈન કવિ દ્વારા રચિત ૧૮ ઢાળની દુહા દેહોબદ્ધ આ કૃતિ (લે.ઈ.૧૮૨૩; મુ.) મુખ્યત્વે હેમચન્દ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્ર'ને આધારે દેવકીના છ પુત્રોનું જૈન પરંપરા અનુસારનું કથાનક વર્ણવે છે. જાળીની જોડમાં બિલ્લા લેવા આવેલા સાધુઓ ઓમના સમાન રૂપને કારણે જાણે ફરીને આવ્યા હોય એવો ભાસ થતાં દેવકી પૂછે છે ત્યારે એ છએ ભાઈઓ હોવાનું જાણવા મળે છે. પોતાને આઠ પુત્રો થવાનું વરદાન હતું તે નિષ્ફળ ગયાની વેદના અનુભવતાં દેવકીને નેમિનાથ ભગવાન પાસેથી આ છએ પુત્રો પોતાના હોવાની